કોરોનાના લક્ષણો દેખાય એટલે તરત જ લોહી ટેસ્ટ અને કોરોના ટેસ્ટ કરાવી લેવો

(એક કોરોના પીડિતની વ્યથા)

(ક્યાં લોકોએ કોરોનાને હળવામાં લેવો જોઈએ?)

કોરોના દર્દીએ ગરભાઈ જવાની જરૂર છે? કોરોના દર્દીએ સાદી શરદી માનીને ચલાવી રાખવું એ વ્યાજબી છે?

આજે ડાહ્યાભાઈને ગાંડાભઆઈ બંને જણા સમયસર વડ નીચે આવીને બેસી ગયા. અલ્યા ડાહ્યાભાઈ, તે સાંભળ્યું પેલા રમણભાઈ સાહેબને શું થયું. આમ તો રમણભાઈ સાહેબ સરકારમાં મોટા હોદ્દા ઉપર છે. કેમ જાણે કયાંથી એમને કોરોના લાગી ગયો. રમણભાઈ સાહેબ એમ જ માનતા કે મને કોરોના ના જ થાય એમને કાયમ જ શરદી હતી. કાયમ એમને શરદી અને છીંકોની ફરિયાદ રહેતી. રમણભાઈએ એમ માન્યું કે આ મને કાયમની શરદી છે. થોડી છીંકો વધી છે એક બે દિવસમાં બરાબર થઈ જશે. પણ બન્યું એવું કે એક દિવસ સામાન્ય તાવ અને અશક્તિ લાગી. રમણભાઈ ઘરના બધાએ સમજાવ્યું કે કોરોનાનો

ટેસ્ટ કરાવી લો. રમણભાઈ સાહેબે કહ્યું મને કોરોના ના થાય આ તો કાયમી શરદીને તાવ છે. એમના દીકરાએ રમણભાઈને મરજી વિરુદ્ધ કોરોનાને ટોસ્ટ કરાવ્યો. ૨૪ કલાકે કોરોનાનો રિપોર્ટ આવ્યો. રમણભાઈ સાહેબ બોલ્યા, ના, ના.... મને ના હોઈ શકે... રમણભાઈ સાહેબના લોહીના પણ ટેસ્ટ કરાવામાં આવ્યા. તેમાં D-Dimer જે ૫૦૦ સુધી નોર્મલ હોય તે ૯૦૦ આવ્યું. CRP જે ૫ સુધી નોર્મલ હોય તે ૧૨૨ આવ્યું. Firritin પણ વધારે આવ્યું. Pro-BNP પણ વધારે આવ્યું. પછી રમણભાઈ સાહેબને રીસરાઈસ થયું. કે આ કોરોના જ છે. ડૉકટરોએ એમને સલાહ આપી કે સાહેબ દાખલ થઈ જાવ. કારણ કે તમારા લોહીના રિપોર્ટ ખરાબ છે. લોહીના રિપોર્ટ સારા હોત તો તમને ઘરે રાખવાની અમે સલાહ આપત. પણ રમણભાઈ સાહેબ ના માન્યા... એમણે કહ્યું કે... હું ઘરમાં જ હોમ કોરન્ટાઈન થઈ જઈશ... અને અઠવાડિયા પછી સારો થઈ જઈશ. બન્યું એવું કે બે દિવસ પછી રમણભાઈ સાહેબને ખૂબ જ અશક્તિ લાગવા માંડી અને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી. છતાં પણ રમણભાઈ સાહેબ માન્યા નહીં. ઘરનાં બધાએ દાખલ થવાની સલાહ આપી. એમણે કહ્યું, મને યોગ્ય લાગે ત્યારે હું દાખલ થઈ જઈશ. અત્યારે નહીં. બે દિવસ પછી રમણભાઈની તબિયત વધારે બગડતા રમણભાઈ સાહેબ જાતે જ કહ્યું હવે મને દાખલ કરી દો.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

સરકારમાં ઓફિસર હતા એટલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજય સરકારની મદદથી એક સારી હોસ્પિટલમાં દાખલ થઈ ગયા. ત્યાં એમની તબિયત વધારે પડતી બગડવા માંડી. ઓક્સિજન સેચ્યુરેશન ૯૦-૯૧ થઈ ગયું. મરણભાઈ સાહેબને ઓક્સિજન આપવામાં આવ્યો. જેમાં બંને ફેફસાં સોઝો અને કફ ભરાઈ ગયેલો છે. ડૉકટરો એમને પ્લાઝમા થેરાપી કરી. અને કોરોનામાં વપરાતી બધી જ દવાઓ ચાલુ કરી દીધી. જેનાથી કોરોના કંટ્રોલમાં આવે. પણ બે દિવસ સુધી કંઈ જ ફરક ના પડ્યો.

ઓક્સિજન આપવાની માત્રા સતત વધારવી પડતી ત્યારે રમણભાઈ સાહેબ શ્વાસ લઈ શકતા. તકલીફ એવી હતી કે દવા AMC ના કોટામાં હોય એ અમુક ચોક્કસ જગ્યાએથી મળે બહારથી ખરીદીને લાવો તો પણ ડૉકટરો એને આપવાની ના પાડતા.

AMC નાા ઓથોરાઈસ મેડિકલ સ્ટોર ખોખરા ડેન્ટલ કૉલેજમાં હતો. ત્યાં જઈને લઈ આવો તો જ ડૉકટરો સારવાર આપતા. બે દિવસ પછી રમણભાઈ સાહેબના કુટુંબીજનો થાકી ગયા. એમને કહ્યું AMC કોટામાંથી પ્રાઈવેટ વોર્ડમાં શિફ્ટ કરો જયાં દવાઓ હોસ્પિટલની વપરાય તો ડૉકટરોએ કહ્યું, AMC ની પરમિશન લેવી પડે અને જો AMC પરમિશન આપે તો જ પ્રાઈવેટ વોર્ડમાં ખસેડાય. પરમિશન માંગવામાં આવી. બે દિવસ પછી પરમિશન આપી ત્યાં સુધી એમને AMC ની જ દવા લેવી પડી. AMC ના ડૉકટરોને દવાઓ સારી જ હતી પણ રમભાઈ સાહેબના કુટુંબીજનો આગ્રહર હતો કે પ્રાઈવેટ વોર્ડમાં સિનિયર કન્સલ્ટન એમનો ઓપિનિયન આપે. રમણભાઈ સાહેબના કહેવા પ્રમાણે સિનિયર ડૉકટરોએ જોવાનું ચાલુ કર્યા પછી એમને માનસિક રીતે સારું લાગવા માંડ્યું. એક અઠવાડિયા સુધી ઓક્સિજન પર રાખી. સતત વાયરસને મારવાની અને વાયરસને એન્ટીબોડી બનાવવાની દવાઓ આપ્યા પછી રમણભાઈ સાહેબ સારા થઈ ગયા. અઠવાડિયા પછી રમણભાઈ સાહેબને રજા આપવામાં આવી.

ડાહ્યાભાઈ બોલ્યા. આમાંથી શીખવા જેવું શું છે ? કોરોનાના લક્ષણો દેખાય એટલે તરત જ લોહી ટેસ્ટ અને કોરોના ટેસ્ટ કરાવી લેવો. જરા પણ વાર ના કરવી... કદાચ એવું બને કે બધું જ નોર્મલ આવે પણ મનમાંથી વહેમ નીકળી જાય...

રમણભાઈ સાહેબની જેમ જેટલું બને એટલું ખેંચવાની જરૂર નથી. રમણભાઈ સાહેબ જો પહેલાં તકેદારી રાખી હોય તો જે ૨૦ દિવસ બગાડ્યા એની જગ્યાએ માત્ર ૭-૮ દિવસમાં જ રમણભાઈ સારા થઈ ગયા હોત. એટલે ડાહ્યાભાઈ, વીલ પાવર સારો હોય તો પણ કોરોના સામે લડવા ના જવાય. અત્યારે તો કોરોના જ આપણો ભગવાન છે. કોરોના ના થાય માટે સાવચેતીના પગલા ચોક્કસ લેવા.

shraddhablood@gmail.com

ઈકો ફ્રેનડલી ગણપતિની સથાપના... ન્યુ રાણીપના આરોહણ ફલેટમાં સોનલબા ચાવડાએ પોતાના ઘેર ઈકો ફ્રેનડલી ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. દરરોજ આરતી , પ્રસાદ અર્પણ કરી ગણપતિ દાદાને કોરોના નો ત્રાસ દુર કરવા પ્રાર્થના કરવામાં આવે છે.

પ્રાકૃતિક કૃષિ ખેડૂતોની દશા અને દિશા બદલનારી કાંતિ સાબિત થશે : રાજ્યપાલ

પદ્મશ્રી સુભાષ પાલેકરજીના યુટ્યુબ સંવાદમાં પ્રાકૃતિક કૃષિ અંગે રાજ્યપાલ માર્ગદર્શન

ગાંધીનગર,તા. ૨૩ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યુ છે કે, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી મુક્તિ મેળવશે, ખેતીમાં થતાં ખર્ચને ઘટાડીને ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદન મેળવી શકશે. તેમણે જણાવ્યુ હતુ કે, રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિ ખેડૂતોની દશા અને દિશા બદલનારી કાંતિ સાબિત થશે.

પ્રાકૃતિક કૃષિને વધુને વધુ કિસાનો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે કોરોના સંક્રમણને ધ્યાને લઈને પ્રતિ રવિવાર પદ્મશ્રી સુભાષ પાલેકરજી દ્વારા પ્રગતિશીલ ખડૂતો સાથે યુ-ટયુબ સંવાદ યોજવામાં આવે છે. આ સંવાદમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જોડાઈને ગુરુકુળ કુરુક્ષેત્રમાં ૨૦૦ એકર જમીનમાં તેમણે અપનાવેલી પ્રાકૃતિક કૃષિના સ્વાનુભવને વર્ણવતા જણાવ્યુ હતુ કે, એક દેશી ગાયની મદદથી ત્રીસ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે જેનાથી ઓછા ખર્ચે સ્વાસ્થ્યપ્રદ ખેત ઉત્પાદન મેળવી શકાય છે. પાણીની બચત થાય છે અને જમીનની ફળદ્રુપતા નિરંતર જળવાઈ રહે છે.

આ સંવાદમાં પદ્મશ્રી સુભાષ પાલેકરજીએ જળવાયુ પરિવર્તનની સમસ્યા સામે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને સક્ષમ ગણાવી હતી જ્યારે હિમાચલ પ્રદેશના ઉચ્ચ અધિકારીઓ શ્રી જગદીશ શર્મા અને શ્રી રાકેશ કંવરે હિમાચલ પ્રદેશમાં પ્રાકૃતિક કૃષિની સફળતા અને ભાવિ આયોજન વિશે વિગતો આપી વધુને વધુ ખેડૂતો આ પદ્ધતિ અપનાવે તેવો અનુરોધ પણ કર્યો હતો.

જાણીતા લેખક અને પત્રકાર રમેશ તન્ના લિખિત પુસ્તક 'સમાજની સંવેદના'નુ ઓનલાઈન લોકાર્પણ



ગાંધીનગર, તા. ૨૩ જાણીતા લેખક અને પત્રકાર રમેશ તન્નાલિખિત પુસ્તક 'સમાજની સંવેદના'ના ઓનલાઈન લોકાર્પણમાં બોલતાં ગણપત યુનિવર્સિટીના સ્થાપક અને મુખ્ય દાતા ગણપતભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વસ્થ સમાજના નિર્માણ માટે સંવેદના ખૂબ જ જરુરી છે. જો બાળકને નાનપણથી જ સંવેદનાની સમજણ આપવામાં આવે અને એક વિષય તરીકે તે ભણાવવામાં આવે તો ચોક્કસ ફાયદો થાય. અમે ગણપત યુનિવર્સિટીમાં સંવેદનાને વિષય તરીકે ભણાવીશું. મને પાકી ખાતરી છે કે તેની મોટી અસર પડશે.

'સમાજની સંવેદના' પુસ્તકના ઓનલાઈન લોકાર્પણમાં સમગ્ર વિશ્વમાંથી ૫૦થી વધુ સમાજનાયકો જોડાયા હતા. આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રે સમાજ માટે નોંધપાત્ર કામગીરી કરનારા ૭૧ વ્યક્તિ કે સંસ્થાની પોઝિટિવ સ્ટોરીનો સમાવેશ કરાયો છે. સાહિત્યકાર યશવંત મહેતાએ જણાવ્યું હતું કે, સંવેદનાનું મુખ્ય સ્થાનક ઘર છે અને આ પુસ્તકનું લોકાર્પણ ઘરમાં થઈ રહ્યું છે તે મોટી વાત છે. ભાવનગરસ્થિત નિશીથ મહેતા એ જણાવ્યું હતું કે, સમાજ સંવેદનશીલ છે, તેની સંવેદનાને જાગૃત અને ઝંકૃત કરવાની જરુર છે. આર.જે. ધ્વનિતે જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ સંવેદનાનું સંવર્ધન કરવા સક્રિય થવું જોઈએ. જાણીતા એડવોકેટ અને સમાજસેવક ભાસ્કર તન્નાએ જણાવ્યું હતું કે, પુસ્તકમાં પ્રેરણા આપે તેવી અનેક સ્ટોરી છે. ડો. કલા શાહે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, જો સમાજની સંવેદનાને જાગૃત કરવા માટે શુધ્ધ

- **અમે ગણપત યુનિવર્સિટીમાં 'સંવેદના'ને વિષય તરીકે દાખલ કરીશું: ગણપતભાઈ પટેલ**
- **'સમાજની સંવેદના' પુસ્તકના ઓનલાઈન લોકાર્પણમાં સમગ્ર વિશ્વમાંથી ૫૦થી વધુ સમાજનાયકો જોડાયા**

ભાવનાથી સંગઠિત પ્રયત્નો થાય તો ચોક્કસ ઉત્તમ પરિણામ આવે જ છે.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, પુસ્તકમાં સમાવિષ્ટ પામેલી વ્યક્તિઓએ પોતપોતાના ઘરે પુસ્તકનું લોકાર્પણ કર્યું હતું. કોઈએ પોતાનાં માતા પાસે, કોઈએ મિત્ર પાસે, કોઈએ સમગ્ર પરિવાર સાથે તો કોઈએ સાસુ-સસરા પાસે લોકાર્પણ કરાવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં અર્ચન ત્રિવેદી, પ્રહર વોરા અને સંપદા વોરાએ ગણપતિ ગાન કર્યું હતું. કાર્યક્રમમાં અમેરિકા, લંડન સહિત સમગ્ર વિશ્વમાંથી લોકો જોડાયા હતા તો ધરમપુર-પિંડવડ જેવા અંતરિયાળ વિસ્તારમાં કામ કરતા લોકો પણ જોડાયા હતા. આ પુસ્તકમાં સમાજસેવા, ગ્રામસેવા, શિક્ષણ, પર્યાવરણ, માતૃભાષા, સાહિત્ય, આરોગ્ય, મહિલા સશક્તિકરણ એમ વિવિધ ક્ષેત્રની સંવેદનશીલ પોઝિટિવ સ્ટોરીનો સમાવેશ થયો છે. કાર્યક્રમમાં અનિતા તન્નાએ સમાજમાં વિવિધ ક્ષેત્રે રચનાત્મક કાર્ય કરતા લોકો પ્રેરણા આપે છે તેમ જણાવ્યું હતું. આભાર વિધિ આલાપ તન્નાએ કરી હતી.

પોઝિટિવ સ્ટોરી શ્રેણીના આ અગાઉ રમેશ તન્નાનાં 'સમાજનું અજવાળું' અને 'સમાજની સુગંધ' એમ બે પુસ્તકો પ્રકાશિત થયાં છે જેને સમાજમાંથી બહોળો પ્રતિસાદ મળ્યો છે. આ પુસ્તકનું પ્રકાશન પોઝિટિવ મીડિયાએ કર્યું છે અને તેના મુખ્ય વિક્રેતા ગૂર્જર પ્રકાશક છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર,તા. ૨૩ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વરા વિવિધ વિજ્ઞાન લક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. નાગરિકોમાં વિજ્ઞાનના વિકાસ ની સાથે સાથે પર્યાવરણની જાળવવી અંગે જાગૃતતા કેળવાય તે હેતુ થી વિવિધ પર્યાવરણ લક્ષી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. માનવી જેમ જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાયછે તેમ તેમ પરીયાવર્ણલક્ષી સમસ્યાઓનો દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે જેના કારણે ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જની સમસ્યાઓ આપણે અનુભવી રહીએ છીએ.

આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી, લેમ્પ્સ, ટયૂબ લાઇટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર કન્ડિશનર, કૉપીઇંગ મશીન,

ઈલેક્ટ્રોનિક્સ ટાઇપરાઇટર, ટેલેક્ષ-ફૅક્સ મશીન, પ્લેઇન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૬ થી ઈ-વેસ્ટ મેનેજમેન્ટ નો કાયદો અમલમાં મુકેલ છે જેમાં તમામ હિત ધારકોએ ઈ-વેસ્ટના નિકાલનું વાર્ષિક રીટન ભરવું ફરજીયાત છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,પ્રા.કચેરી ગાંધીનગર તથા ગાંધીનગર મહાનગરપાલિકા ના સહયોગથી ઈ-વેસ્ટ કલેકશન નો પ્રારભ આજથી શરુ થયેલ છે. ઈ-વેસ્ટ ના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ,અમદાવાદના સહયોગથી આગામી તા.૨૩ મી અને ૩૦ ઓગસ્ટ તેમજ ૬ ઠી અને ૧૩ મી સપ્ટેમ્બર ૨૦૨૦, એમ આગામી માત્ર ચાર રવિવારના રોજ સવારે ૧૦:૩૦ થી સાંજના ૪:૩૦ દરમિયાન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજે વરસાદી વાતાવરણ હોવા છતાં ઘણા બધા નાગરીકોએ પોતાનો ઈ-વેસ્ટ જમા કરાવેલ છે.

આ કાર્યક્રમમાં જીપીસીબી, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના પર્યાવરણ ઈજનેર રાહુલભાઈ, ગાંધીનગર મહાનગર પાલિકામાં થી વોડ નંબર ૪ ના સેનેટરી ઇન્સ્પેકટર સુરેશભાઈ તેમની ટીમ સાથે, ઈ -કોલી વેસ્ટ મેનેજમેન્ટ કંપનીના ,પ્લાન્ટ ઈજનેર, મૌલિકભાઈ તેમની ટીમ સાથે, નિસર્ગ સાયન્સ સેન્ટરના,મેં.ટ્રસ્ટી,ડૉ.અનિલભાઈ પટત્ત, નરેશ ઠાકર, નિવૃત પીઆરો,જીપીસીબી,ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયોજક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી

શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં સાદગીપૂર્ણ ઉજવાયો યજ્ઞોપવિત ઉત્સવ

ગાંધીનગર,તા. ૨૩ વિશ્વમાં સનાતન વૈદિક સંસ્કૃતિની સર્વોપરિતા શનૈઃ શનૈઃ સર્વમાન્યતા મળતી જાય છે. વિજ્ઞાનના કેટલાય ગૂઢ રહસ્યો આજે ભૌતિક જગતમાં પ્રયોગાત્મક સિદ્ધ થતાં જાય છે. આપણી સનાતન પરંપરાનું અનુસરણ, અનુશીલન અને સંતોષ અને વિશ્વ સ્તરે વ્યાપક બનતું જાય છે, ત્યારે આ દિશામાં આપણી જિજ્ઞાસા સતેજ થવી જોઈએ. જો કે વિશ્વની ઘણી બધી સંસ્કૃતિઓમાં આપણા જેવા સંસ્કારો એક યા બીજી રીતે થાય છે, જે સનાતન વૈદિક પરંપરામાં સોળ સંસ્કાર બતાવ્યા છે. અને સંસ્કારોનું જતન આજપર્યંત થતું આવ્યું છે. જેમકે મુંડન, યજ્ઞોપવિત, વિવાહ, અંત્યેષ્ટિ વગેરે વગેરે... શાસ્ત્રો પણ કહે છે કોઈ પણ કાર્ય અર્થાનુસંધાનથી એટલે કે સમજીને કરવામાં આવે

તો તેનું ફળ વિશેષ મળે છે. પોલીસ કે ટપાલી આખા ગામમાં ફરે છે છતાંય જે પદ્ધતિસરનું અને સમજદારીપૂર્વકનું જોગીન્ગ કરે તેનું ફળ વિશેષ હોય છે. ભગવાન ના નામની અસર જરૂર છે પણ એક સામાન્ય માણસ ભગવાન બોલવામાં અને એક ઉપાસક કે એક તપસ્વી ભગવાન બોલવા માં ઘણો ફરક પડે છે.

ભાદરવા સુદ ત્રીજ-ચોથ એટલે સામવેદી શ્રાવણીનો શુભ દિન. આ દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગર શ્રી સ્વામિનારાયણ બાપા સ્વામીબાપા અને સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાની સમક્ષ યજ્ઞોપવિત ઉત્સવ પ્રસંગે મહાપૂજા, શ્રી સ્વામિનારાયણ ભગવાનને યજ્ઞોપવિત ધારણવિધિ અને ત્યારબાદ સંતોએ યજ્ઞોપવીત ધારણ કરી હતી.

સેવારુપી યક્ષનું બીજુ નામ એટલે રેડક્રોસ સોસાયટી માણસાના ચેરમેન દિનેશભાઈ વ્યાસ

ગાંધીનગર, તા. ૨૩ રેડક્રોસ સોસાયટી માણસાના ચેરમેન દિનેશભાઈ વ્યાસની પ્રેરણાથી જે સેવા યજ્ઞ શરૂ થયો છે તે વણથંભી વણઝાર બની રહી છે. માણસના



સેવાભાવી ડૉ. રાકેશભાઈ ગૌસ્વામી અને ડૉ. તુષારભાઈ જાની દ્વારા ગરીબ પરિવારોને મેડિકલ દત્તક લેવાની પરોપકારી અને મહત્ત્વાકાંક્ષી યોજના લાવવામાં આવી છે. ગરીબ પરિવારો અને વિધવા માતૃશક્તિની સેવા કરવા માટે રેડક્રોસ માણસા દ્વારા આ યોજના ઘડી કાઢવામાં આવી છે. જેમાં બંસરી અને યશ હોસ્પિટલ ખાતે કન્સલ્ટીંગ ફી અને ઈન્ડોર દર્દીઓનો કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહીં. માત્ર મેડીસીન ચાર્જ જ આપવાનો રહેશે.

આ યોજનામાં સ્માર્ટ કાર્ડ પણ બની ગયા છે. ૫૦/૫૦ અનુસૂચિત જાતિ અને બ્રહ્મ પરિવારોને ખાસ લાભાન્વિત કરવામાં આવનાર છે. આગામી ૦૫-૦૯-૨૦૨૦ના રોજ કાર્ડ વિતરણ કરી આ યોજના અંતર્ગત સેવાઓ શરૂ કરવામાં આવશે. તેમ દિનેશભાઈ વ્યાસ અને જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા જણાવાયું છે.

જન્મદિને વધામણી

જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

ઈન્દ્રસિંહ આર બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

રાજેશ્રીબેન હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫

મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫

ગાર્ગી પસારી ઠક્કર
મો. ૯૬૨૪૦ ૩૪૩૫૩

વસંતીબેન ગણપતભાઈ પરમાર

ઉષાકાન્ત વસાવડા
શ્વાતિ વસાવડા

બાબુભાઈ જે સુથાર
મંત્રી, શ્રી વિશ્વકર્મા પ્રગતિ મંડળ, કલોલ
મો. ૯૮૨૫૩ ૬૦૮૨૩

કૈરન્સ ડાભી
મો. ૮૯૮૦૯ ૨૪૨૧૦

પટેલ રિતેષ વિષ્ણુભાઈ